ગાંધીનગર સમાચાર

# ...પીવાનું પાણી પણ એક કિમી દુરથી લાવવું પડે છે

## હિમતનગરના ગોપાલકુંજ ગામે થોરી સમાજ માટે સ્મશાનની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા માંગ

ગતિશીલ ગુજરાતની વાતો કરતા રાજકારણીઓ અને સરકારના અધિકારીઓ કાગળ પર અનેક સિધ્ધિઓ હાંસલ કરી હોવાના દાવા કરે છે ત્યારે હિંમતનગર તાલુકાના ગોપાલકુંજ ગામે રહેતા થોરી પરિવારો માટે સ્થાનિક તંત્ર દ્વારા સ્મશાન માટે કોઈ વ્યવસ્થા ન કરતા આ થોરી પરિવારોને ચોમાસામાં જો કોઈ સ્વજનનું મૃત્યુ થાય તો નનામીને વરસતા વરસાદમાં પાણીમાં થઈ ખુલ્લી જગ્યામાં લઈ જઈ કેટલાક લોકો પ્લાસ્ટિકની છત બનાવીને મૃતકની ચીતાને અગ્નિદાહ આપે છે. સ્મશાનની વ્યવસ્થા માટે તંત્ર સમક્ષ કરાયેલી અનેક રજુઆતો ચોમાસાના પાણીની જેમ વહી ગઈ છે.

આ અંગે ગોપાલકુંજ ગામે રહેતા થોરી સમાજના મનુભાઈ ધુળાભાઈ થોરીના જણાવાયા મુજબ આ ગામમાં થોરી સમાજના ૮૦ પરિવારોના ૬૦૦થી વધુ લોકો વર્ષોથી ગોપાલકુંજ ગામ પુનાસણ ગ્રામ પંચાયતનું પેટા પરૂ છે. તેમ છતાં આજદિન સુધી થોરી સમાજને





સ્મશાનગૃહની સુવિધાથી વંચિત રખાયા છે.

તાજેતરમાં થોરી સમાજના એક પુરૂષનું અવસાન થતાં ગ્રામજનો ખૂબ દ્વિધામાં મુકાઈ ગયા હતા. તે પાછળનું કારણ એ છે કે વરસાદ ચાલુ હતો. સ્મશાનની વ્યવસ્થા ન હતી. તેથી મૃતકના અંતિમ સંસ્કાર કેવી રીતે કરવા તે પ્રશ્નો સતાવતો હતો. તેમ છતાં થોરી સમાજના જ્ઞાતિજનોએ મૃતકને નનામીમાં બાંધી વરસતા વરસાદમાં ગામમાં આવેલ ખુલ્લી જગ્યામાં પાણી ભરાઈ રહ્યુ હોવા છતાં ઉંચાણવાળા સ્થળે જઈ કેટલાક લોકોએ પ્લાસ્ટિકનું છત બનાવી મૃતકને અગ્નિદાહ આપ્યો હતો.

ગ્રામજનોના જણાવાયા મુજબ થોરી પરિવારો સાથે રખાતી કિન્નાખોરીથી તેઓ ત્રસ્ત આવી ગયા છે. જે અંગે થોડા સમય અગાઉ હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાનું પણ ધ્યાન દોરવામાં આવ્યુ છે.





હિમતનગર તાલુકા પુનાસણ નજીક આવેલ ગોપાલકુંજ ગામ સ્મશાનના અભાવે ગામમાં ચોમાસમાં કોઈ મૃત્યુ પામે ત્યારે પ્લાસ્ટિકનું આવરણ રાખી ગ્રામજનો અગ્નિસંસ્કાર કરે છે.

## પ્રાથમિક શિક્ષણ નિયામકે સાબરકાંઠાના ગુલ્લીબાજ શિક્ષકો સામે લાલ આંખ કરી

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા પ્રાથમિક શાળાના શિક્ષકોને શાળામાં નિયમિત હાજર રહેવા અને શિક્ષિકા બહેનોએ શાળાની ગરીમાને અનુરૂપ વસ્ત્ર પહેરવાની સુચના એમ.આઈ. જોષી પ્રાથમિક શિક્ષણ નિયામક ગ.રા. ગાંધીનગર દ્વારા કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ જિલ્લાના પ્રાથમિક શિક્ષણાધિકારીઓ, જિલ્લા શિક્ષણ સમિતિ, શાસના અધિકારી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તમામને શિક્ષણ વિભાગ અધિકારી એમ.આઈ. જોષી દ્વારા પત્રથી જાણ કરવામાં આવી છે કે તમારા વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં શહેરી વિસ્તારોની નજીકના ૨૦થી ૨૫ કિ.મી. વિસ્તારની શાળાઓમાં શિક્ષકો સમયસર શાળાએ પહોંચે તથા શાળા સમય પુરો ન થાય ત્યાં સુધી કોઈ શિક્ષક શાળા છોડે નહી તેની તકેદારી રાખવા માટે યોગ્ય નિરીક્ષણ તંત્ર ગોઠવવા તથા કેળવણી નિરીક્ષકોને સઘન નિયંત્રણ કરવા સૂચના આપશો તથા આવા કોઈ કિસ્સામાં ધ્યાનમાં આવે તો તાત્કાલિક શિક્ષાત્મક પગલા ભરીને શિક્ષકોમાં દાખલો બેસે તેવી તાત્કાલિક કાર્યવાહી કરવી તથા તંત્રને પણ લેખિતમાં જાણકારી આપવી અને સાથે સાથે શિક્ષિકાબહેનોએ શાળામાં સુચારૂ અને વિવેકપુર્ણ તથા શિક્ષણના વ્યવસાયની ગરિમા જળવાય અનુરૂપ વસ્ત્ર પહેરીને આવવા સૂચન કરવામાં આવ્યું છે. અને જે તે શાળામાં આવા કિસ્સા બને તો કડકમાં કડક કાર્યવાહી બાદ અહેવાલ પણ કચેરીમાં રજુ કરવા ધ્યાન દોરવામાં આવ્યું છે.

## શ્યામપુરના રહીશ સાથે ૪ લાખની છેતરપિંડી કરનાર શખ્સ પકડાયો

સાબરકાંઠા જીલ્લાના સાબરકાંઠા જિલ્લાના વિજયનગર ખાતે ત્રણ વર્ષ અગાઉ એક શખ્સ સાથે છેતરપિંડી કરી ત્રણ વર્ષથી નાસતા ફરતા ઈસમને એલસીબીના સ્ટાફે બાતમીને આધારે શનિવારે અમદાવાદથી પકડી લીધો હતો. આ અંગે એલસીબીના પી.આઈ. એસ.ડી.પટેલ, પી.એસ.આઈ. ડી.ડી.પરમાર તથા સ્ટાફે ત્રણ વર્ષ અગાઉ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ રજી ગુના નં.૩૪/૨૦૧૪ ઈપીકો કલમ ૪૦૯ મુજબ જયંતિભાઈ પરમાભાઈ વણકર (રહે.ફતેપુર, તા.પ્રાંતિજ) એ અરવલ્લી જિલ્લાના શામપુર ખાતે રહેતા અને ચેતનભાઈ મગનભાઈ પ્રજાપતિના વિજયનગર બી.એડ. કોલેજના એકાઉન્ટમાં રૂા.૪ લાખથી વધુ જમા કરાવવાના હતા. પરંતુ જયંતિભાઈ વણકરે આ રકમ જમા નહિ કરાવી વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરવામાં આવી હતી.

## હાથમતી પુલ પરથી કેબલ ચોરાયો

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં આવેલ હાથમતી બ્રીજના બંને છેડેથી તા.૧૧ ઓગષ્ટને રાત્રે અજાણ્યા શખ્સો ભારત સંચાર નિગમના રૂા.૯૨૦૦ની કિંમતનો ૫૦ પેરનો કેબલ કાપીને ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે બી.એસ.એન.એલ.ના ટીટી બાબુભાઈ.ડી.પરમારે શુક્રવારે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## મોડાસા નાલંદા-૨ ટાઉનશીપમાં પીપળેશ્વર મહાદેવમાં શિવલીંગની રક્ષા કરતા સ્વયં નાગદેવતા





મોડાસા, તા. ૧૩

પવિત્ર શ્રાવણ માસમાં તમામ શિવ મંદિરોમાં શિવભક્તોની શિવ આરાધના માટે ભારે ભીડ જામે છે. મોડાસા શહેરમાં આવેલી નાલંદા-૨ ટાઉનશીપમાં તાજેતરમાં જ એક શિવમંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી અને પિપળેશ્વર મહાદેવ નામથી શિવભક્તોમાં જાણીતુ બન્યુ છે. શનિવારે સવારે આ મંદિરમાં ચમત્કારીક ઘટના બનતા શ્રદ્ધાળુઓના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. શિવલીંગની આસપાસ નાગને પ્રદક્ષિણા કરતા પુજારી અને અન્ય દર્શનાર્થીઓએ નિહાળતા અને નાગ દેવતા શિવલીંગ પર ફેણ માંડીને શિવલીંગ પર સ્થાયી થઈ જતા શાક્ષાત ભગવાન શિવને નિહાળવા ભક્તોની ભારે ભીડ જામી હતી.

નાલંદા-૨ ટાઉનશીપમાં બનાવેલ મંદિરનું નામ પીપળેશ્વર મહાદેવ મંદિર દંતકથા સાથે સંકળાયેલું છે. આ નામ રાખવા પાછળનું કારણ જણાવતા સોસાયટીના રહીશોના જણાવ્યા મુજબ નાલંદા-૨ ટાઉનશીપની મુળ જમીન નજીકમાં આવેલા ડુગરવાડા ગામના એક પાટીદાર પાસેથી ખરીદવામાં આવી હતી. આ જમીન પર ઉભેલા ઝાડવાઓનો કોન્ટ્રાક્ટર દ્વારા કાપી નાખી ટાઉનશીપનું નિર્માણ કરવામાં આવ્યું હતું. કાપી નંખાયેલ તમામ ઝાડમાંથી એકમાત્ર પીપળાનું ઝાડ પુનઃ ઉગી નીકળતા આ ઝાડને વારંવાર કાપવા છતાં પુનઃ ઉગી નીકળતુ હતુ. તેમજ આ ઝાડની આજુબાજુ સતત એક નાગ ફરતો હોવાનું અનેક લોકોને ધ્યાને આવતા તમામ રહીશોએ વારંવાર ઝાડ પુનઃ જીવત થતા આ સ્થાન પર મહાદેવ શિવજીનું મંદિર બનાવવાનું નક્કી કરી આ જગ્યા પર મહાદેવનું મંદિર નિર્માણ કરી પીપળેશ્વર મહાદેવ નામ રાખવામાં આવ્યું હતું. ત્યારે શનિવારે બનેલી શ્રાવણ માસમાં ચમત્કારીક ઘટનાથી શ્રદ્ધાળુઓનું ઘોડાપુર ઉમટ્યું હતું.

## આજે મોડાસા ખાતે ત્રિરંગા યાત્રા 'યાદ કરો કુરબાની' યોજાશે

મોડાસા, તા. ૧૩

મોડાસા ખાતે તા. ૧૪-૮-૧૬ના રોજ સાંજે ૫.૩૦ કલાકે ૧૪મી ઓગષ્ટ કે.એન. શાહ હાઈસ્કૂલથી શરૂ થઈ મ.લા. ગાંધી કોલેજ ખાતે પુરી થશે. દેશભરમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માનની ભાવના પેદા થાય તેમજ દેશ પ્રત્યે સમર્પણની ભાવના પેદા થાય તે માટે ગુજરાત સરકારે દરેક જિલ્લામાં ત્રિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. આ સંદર્ભે તા. ૧૪ના રોજ મોડાસા ખાતે ત્રિરંગા યાત્રાનો આરંભ પોલીસ એસ્કોટીંગ સાથે સાંજે ૫.૩૦ વાગે શરૂ કરીને યાત્રાનું સમાપન ૬.૩૦ કલાકે પુર્ણ કરવામાં આવશે. સૂર્યાસ્તના સમય સાંજે ૭.૧૩ વાગ્યે હોવાથી રાષ્ટ્રધ્વજના સન્માનને ધ્યાને લઈને સમય ચુસ્તતા જાળવવાનો રહેશે. ત્રિરંગા યાત્રામાં સૌથી આગળ પોલીસની ખુલ્લી જીપ રાખવાની રહેશે અને તેમાં રાષ્ટ્રધ્વજને સન્માન સાથે રાખવાનો રહેશે. રાષ્ટ્રધ્વજ સાથેની જીપની પાછળ પોલીસ બેન્ડ રહેશે. પોલીસ બેન્ડની પાછળ ઓછામાં ઓછા ૭૦ બાઈક ઉપર કુલ ૧૪૦ યુવાનો જોડાશે. આ ઉપરાંત ત્રિરંગા સાથેના બાઈક સવારોની પાછળ મોટી સંખ્યામાં સ્થાનીક લોકો બાઈક સવારો પણ જોડાઈ શકશે. જેમાં સૌથી આગળની બાઈકો ઉપર પોલીસ જવાનો યુનિફોર્મમાં હશે અને તેની પાછળના બાઈકો ઉપર પોલીસ સ્ટુડન્ટ કેડેટ, કોલેજના વિદ્યાર્થીઓ, એન.સી.સી. તેમજ સ્વામી વિવેકાનંદ યુવક અને મહિલા મંડળના સભ્યો જોડાશે. બાઈક સવારોની પાછળ ખુબ મોટી સંખ્યામાં સ્થાનિક લોકો, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ જોડાવાના રહેશે. ત્રિરંગા યાત્રામાં રાષ્ટ્રધ્વજ માત્ર આગળની ખુલ્લી જીપમાં રહેશે. બાઈક સવારો પાસે અશોકચક્ર વગરના માત્ર ત્રિરંગા ધ્વજ રાખવાના રહેશે. આ ધ્વજ જમીનને ન અડકે તે જોવાનું રહેશે. સમાપન સ્થળે યાદ કરો કુરબાની કાર્યક્રમમાં દેશભક્તિના ગીતોનો કાર્યક્રમ રજુ કરવામાં આવશે.

## આઝાદીના ૭૦ વર્ષો પછી પણ ધનસુરા જાહેર શૌચાલયથી વંચિત

અરવલ્લીના ધનસુરા તાલુકા મથકે જિલ્લાકક્ષાનો ૧૫મી ઓગષ્ટ નિમિત્તે




ધ્વજવંદનનો કાર્યક્રમ ધનસુરા સહકારી જીન ખાતે રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં વિધાનસભાના કાર્યકારી અધ્યક્ષ પરબતભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાનાર છે. ત્યારે જિલ્લાનું સમગ્ર સરકારી તંત્ર હાજર રહેવાનું છે. મોડાસા નગરપાલિકાનું ટ્રોલી ઉપર તૈયાર કરવામાં આવેલ મોબાઈલ ટોઈલેટ આ પ્રસંગે ખાસ અધ્યક્ષશ્રી અને સરકારી બાબુઓ માટે મોડાસા નગરપાલિકામાંથી મંગાવવામાં આવેલ છે. અને તાલુકામથકે આવતી આમ જનતા વિચારી રહી છે કે આઝાદીના ૭૦ વર્ષો પછી માત્ર ધનસુરા નગર જાહેર સૌચાલયથી વંચીત છે. મહિલાઓ સહિતની આમ જનતા જાહેર સૌચાલય વિના હાલાકી ભોગવી રહી છે. જાહેર સૌચાલય બનાવવા અનેકવાર લેખીત અને મૌખિક રજુઆતો કરવામાં આવેલ છે. છતાં જાહેર સૌચાલયો બનાવેલ નથી. ને આ કાર્યક્રમમાં સરકારી બાબુઓ અને અધ્યક્ષશ્રી માટે મોડાસા નગરપાલિકામાંથી મંગાવવાનું સરકારી તંત્રને યાદ આવે છે, પરંતુ ધનસુરામાં જાહેર સૌચાલય બનાવવાનું સરકારી બાબુઓને કેમ યાદ નથી આવતુ હોય. આ ચર્ચા ધનસુરામાં ટોપ ઓફ ધ ટાઉન બની છે.

## પાલનપુરના હીરા ઉદ્યોગને ફરી જીવંત બનાવવા સિંગાપુરથી પધાર્યા કાય જો જેસન હો

પાલનપુર, તા. ૧૩

પાલનપુર શહેર એ ડાયમંડ નગરી તરીકે ઓળખાતુ શહેર છે. પરંતુ છેલ્લા કેટલાય વર્ષોથી મંદીના માહોલમાં ફસાઈ જતા હીરા ઉદ્યોગને વિશ્વભરમાં માઠી અસર પડી છે. જેના લીધે પાલનપુરના હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા હીરાના નાના મોટા કારખાના બંધ થઈ જતા પાલનપુરનું હીરા ઉદ્યોગ હવે માત્ર નામશેષ રહ્યું છે. ત્યારે ફરી ડાયમંડ નગરી તરીકે પાલનપુર



શહેર ધમધમતુ થાય તે માટે સિંગાપુરના મિસ્ટર કાય જો જેસન હો એ પાલનપુરના હીરાના વેપારીઓ સાથે મુલાકાત કરી હતી. વિશ્વના ૭૩ દેશોમાં જુદા જુદા વિષય પર લેક્ચર આપનાર સિંગાપુરના કાયજો જેસન હો એ ભારતમાં ડાયમંડ ઉદ્યોગને મજબુત કરવા પાલનપુર શહેરને પસંદ કર્યુ છે. પાલનપુર શહેરમાં ચાલતા હીરાના કારખાનાઓની રૂબરૂ મુલાકાત લઈ હીરાના વેપારીઓને અને રત્ન કલાકારો પાસેથી ડાયમંડની ક્વોલીટી વિશે જાણકારી લીધી હતી. પાલનપુરના મહેમાન બનેલા મિસ્ટર કાયજો હીરા બજારના વેપારી જયંતીલાલ પઢીયારના નિવાસસ્થાને રોકાયા છે અને છેલ્લા બે દિવસથી પાલનપુરના હીરા ઉદ્યોગ પર જીણવટભર્યો અભ્યાસ કરી રહ્યા છે. સિંગાપુરથી આવેલા અને પાલનપુરના મહેમાન બનેલા મિસ્ટર કાયજો જેસન હો એ જણાવ્યું હતું કે પાલનપુરના હીરાના વેપારીઓના સહયોગથી પાલનપુરના હીરાને વિશ્વ ફલક પર ચમકવા માટે પ્રયત્નશીલ બનવાની ખાતરી આપી હતી.



## હિંમતનગરની મંદબુધ્ધિની બાળકોની સંસ્થામાં દિવ્યાંગોએ રાખડીઓ બનાવી

સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત હિંમતનગરમાં ૨૫ વર્ષથી ચાલતી માનસિક ક્ષતિ ધરાવતા દિવ્યાંગ બાળકોને પોતે પગભર બને તે માટે સંસ્થા દ્વારા વિવિધ પ્રવૃતિઓ કરાવાઈ રહી છે ત્યારે વર્કશોપના માધ્યમથી આ બાળકો પગલુછણીયા, મીણબત્તી, તોરણ, ઝુમ્મર વગેરે બનાવે છે. ઉપરાંત છેલ્લા દસ વર્ષથી આ બાળકો રાખડીઓ પણ બનાવવા માટે તાલીમ લીધા બાદ તેમાં કુશળતા પ્રાપ્ત કરી છે. જે અંતર્ગત આ વર્ષે માનસિક ક્ષતિ ધરાવતા દિવ્યાંગ બાળકોએ ૫૦૦થી વધુ રાખડીઓ બનાવી છે. જેનું નહિ નફો, નહિ નુકશાનના ધોરણે દાતાઓ, વાલીઓ તથા વિવિધ સંસ્થાઓ લઈ જાય છે. જેની આવક બાળકોના વિકાસ માટે વાપરવામાં આવે છે.